# અમૂલ્ય એવા માણેકલાલભાઈ

**વિઠ્ઠલભાઈ એ. પટેલ**

**નરસિંહજીના મંદિર પાસે, ઉવારસદ રોડ, મુ.પો. શેરથા, તા. ગાંધીનગર**

માણેકલાલભાઈ વગર તેમની ગાંધીનગરની ઑફિસની કલ્પના કરવી મારે માટે ઘણી અઘરી છે. તેમને તેમની ઑફિસમાં મળવા જઈએ ત્યારે આટલી મોટી ઉંમરે પણ ખૂબ જ ઉત્સાહથી આવકારે. તેમની ઑફિસમાં બેસો ત્યારે તમે તેમને સાચા સ્વરૂપમાં જોઈ શકો. વિદ્યાર્થીઓને અને તેમના વાલીઓને, સ્ટાફને મદદ કરવાની તેમની ઇંતેજારી જોઈ શકાય. તેમના હૃદયની કુણાશ પણ અનુભવી શકાય. છેલ્લા પંદર વર્ષમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળે તેમના નેતૃત્વ નીચે ઊભી કરેલી ફાર્મસી, એન્જિનિયરિંગ, નર્સિંગ, B.Ed.ના પ્રોગ્રામની કૉલેજો તેમજ વિવિધ કમ્પ્યૂટર અને મેનેજમેન્ટના પ્રોગ્રામો માણેકલાલભાઈની આવડતની સાક્ષી પૂરે છે. એમાંયે આપણને કડી સર્વ વિશ્વવિદ્યાલય (KSV) મેળવી આપવા બદલ આપણે સર્વે માણેકલાલભાઈના ઋણી છીએ. ઉંટવાથી દરરોજ ચાલતા ચાલતા સર્વ વિદ્યાલય, કડીમાં ભણવા આવનાર ખેડૂતના દીકરા માણેકલાલભાઈને ખેડૂત વર્ગ માટે ખૂબ જ ઊંડી લાગણી હતી. તેઓ બરાબર સમજી શકેલા કે ખેડૂતોના કુટુંબોનો આર્થિક વિકાસ ભણતરથી થાય. આથી એમ કહીએ કે માણેકલાલભાઈએ તેમનું સમગ્ર જીવન ખેડૂતોના વિકાસ માટે વાપર્યું તો તે જરાયે અતિશયોક્તિ ભર્યું ન ગણાય. એમના નામ પ્રમાણે માણેકલાલભાઈ આપણામાંના સાચા માણેક હતા.

સર્વ વિદ્યાલય હાઈસ્કૂલનું સુંદર મકાન અને ભવ્ય આશ્રમનું મકાન છગનભાની મહેનતના કારણે બન્યું, પણ તેમાં જીવ પૂરવાનું કામ તો ઘણા બધા શિક્ષકોએ જ કર્યું છે. આ શિક્ષકોની મહેનતના કારણે ઉત્તર ગુજરાતને સરસ શિક્ષકો, દાક્તરો, લેખકો એન્જિનિયરો, પ્રોફેસરો, ગ્રામસેવકો, વેપારીઓ, ઉદ્યોગપતિઓ વગેરે મળ્યા અને તેના કારણે ઉત્તર ગુજરાત સમૃદ્ધ બન્યું. આશ્રમમાં રહેનારા ઉપર ખાસ અસર તો પૂ. નાથાભાઈ સાહેબની હતી. નાથાભાઈ સાહેબ એટલે જ સર્વ વિદ્યાલય અને સર્વ વિદ્યાલય એટલે જ નાથાભાઈ સાહેબ ગણાતા. નાથાભાઈ સાહેબના આદર્શવાદની અસર તેમના વિદ્યાર્થીઓ ઉપર ખૂબ જ મોટી હતી અને તેમણે ઘણા આદર્શવાદી નાગરિકો ઉત્તર ગુજરાતને આપ્યા છે.

છગનભાએ સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ આપી અને માણેકલાલભાઈએ કડી સર્વ વિશ્વવિદ્યાલય આપ્યું. સર્વ વિદ્યાલય હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ ઉત્તર ગુજરાતના વિકાસમાં સિંહફાળો આપ્યો તેવો જ સિંહફાળો કડી સર્વ વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓ ભારતના વિકાસમાં આપે, તો કડી સર્વ વિશ્વવિદ્યાલય માણેકલાલભાઈનું સાચું સ્મારક બને કડી સર્વ વિશ્વ વિદ્યાલયના વિદ્યાર્થીઓ ભારતના જાણીતા અધ્યાપકો, વૈજ્ઞાનિકો, એન્જિનિયરો, વેપારીઓ, લેખકો, ઉદ્યોગપતિઓ, દાક્તરો વગેરે બને ત્યારે કડી સર્વ વિશ્વવિદ્યાલય ભારતનું અગત્યનું વિશ્વવિદ્યાલય બને. ભારતની સૌથી મોટી અગત્યની જરૂરિયાત આદર્શવાદી નેતાઓની છે અને જો આપણું વિશ્વવિદ્યાલય ભારતને

આદર્શવાદી નેતાઓ પૂરા પાડે તો માણેકલાલભાઈએ શરૂ કરેલું કામ આપણે પૂરું કર્યું ગણાય. આવું બને તે જોવાનું કામ આપણું છે. જો આપણે આ કામ કરી શકીએ તો જ આપણે માણેકલાલભાઈને સાચી શ્રદ્ધાંજલિ આપી ગણાય.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળનો આશય ફક્ત કેળવણી આપવાનો નથી, પણ કેળવણી સાથે સમાજને જરૂરિયાત પ્રમાણે બદલાતો રાખવાનો છે. આ માટે જો તમે 'ત્યારે શું કરીશું ?' ન વાંચ્યું હોય તો વાંચશો. જો સમય ન હોય તો પ્રકરણો 18, 19, 20, 21, અને 22 વાંચશો અને બની શકે તો અપનાવજો. જો આપણે અપનાવીને આપણી જાતને બદલી શકીએ તો તે પણ માણેકલાલભાઈને મોટી શ્રદ્ધાંજલિ છે.

# શિક્ષણશિરોમણિ માણેકકાકા

**ડૉ. અંબાલાલ પ્રજાપતિ**

સમાજને સુખી કરવો હોય, તેનો ઉદ્ધાર કરવો હોય તો તે શિક્ષણ દ્વારા જ થઈ શકે અને તેને માટે શિક્ષણસંસ્થાઓ સ્થાપવી જોઈએ એ છગનભાની વાત માણેકકાકાના હૃદયમાં કલાકૃતિની જેમ કંડારાઈ ગઈ હતી. તેમને તેમના જીવનનું લક્ષ્ય સમજાઈ ગયું હતું. એટલે તેઓ શિક્ષણને શરણે ગયા અને શિક્ષણમાં જ ભગવાનનાં દર્શન કર્યાં હતાં.

માણેકકાકા ઉદ્યોગપતિ, રાજપુરુષ, સંચાલક, સમાજસેવક અને બીજું ઘણું બધું હતા પણ સૌથી વિશેષ શિક્ષણના સાચા ભક્ત હતા. અરે ! ભક્તશિરોમણિ હતા. ગીતાના ૧૮મા અધ્યાયમાં ભગવાને જે ગૂઢ જ્ઞાન અર્જુનને કહ્યું હતું તેનો સાક્ષાત્કાર માણેકકાકાએ કર્યો હતો. કે.જી. થી પી.જી., એમ. ફીલ અને પીએચ.ડી સુધીનું શિક્ષણ વિદ્યાર્થીને ઘરઆંગણે ગાંધીનગરમાં જ મળી રહે અને યુનિવર્સિટી સ્થપાય એ એમનું સ્વપ્ન હતું. તેને માટે તેઓશ્રીએ જે સંઘર્ષ કર્યો તેના આપણે સૌ સાક્ષી છીએ. શિક્ષણની સંસ્થાઓ ઊભી કરવી, તેનું સંચાલન કરવું અને તેમાં પ્રાણ પૂરવા એ તો રેતીમાં વહાણ ચલાવવા જેવી વાત હતી. તેને માટે જમીન, મની પાવર, મેન પાવર, ઇન્ફ્રાસ્ટ્રકચર અને સરકાર સાથેનો સુમેળ, આ બધા માટે કેટલાં નાણાં જોઈએ ? છતાં માણેકકાકાએ સ્વ પુરુષાર્થ અને આંતરસૂઝથી સફળતા મેળવી અને ગાંધીનગરને કડી યુનિવર્સિટીની ભેટ આપી. શિક્ષણ ક્ષેત્રમાં તેમની આ સિદ્ધિએ ગુજરાત તેમજ વિદેશમાં તેમને મુઠ્ઠી ઊંચેરા માનવી સિદ્ધ કર્યા. 'કર્મચૂડામણિ'ના બિરુદને તેઓએ સાર્થક કર્યું.

માણેકકાકા એક રત્ન સમાન હતા. રત્નને જેમ અનેક પાસાંઓ હોય છે તેમ તેમનાં વ્યક્તિત્વનાં અનેક પાસાંઓ હતાં. અનેક ગુણોનો તેમનામાં સમન્વય થયેલો હતો. તેમાં સૌથી આગળ પડતો ગુણ હોય તો તે તેમની મર્દાનગી કે વીરતાનો હતો. વીર પુરુષ ક્યારેય ખોટું સહન કરતા નથી અને હંમેશાં ઊંચાં જીવનમૂલ્યોના આગ્રહી હોય છે. ભગવાન શ્રીરામ, કૃષ્ણ, અર્જુન, મહાવીર, મહાત્મા ગાંધી, વિવેકાનંદ, સંઘના સ્થાપક ડૉ. હેડગેવાર એ બધા એ કોટિના વીરપુરુષો હતા.